ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

GUJARAT COUNCIL ON SCIENCE AND TECHNOLOGY GOVERNMENT OF GUJARAT

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

**Phone** : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

**અખબારી યાદી** તા:૦૫/૦૬/૨૦૧૬

પ્રતિ,
તંત્રીશ્રી,
.............................., ભાવનગર.

## વિશ્વ પર્યાવરણ દિવસ નિમિતે ચર્તુવિધ કાર્યક્રમો યોજાયા.

૫ મી જૂનને વિશ્વ પર્યાવરણ દિવસ તરીકે પુરા વિશ્વમાં ઉજવવામાં આવે છે. જેની ઉજવણી ભાવનગર જીલ્લામાં કલેકટર કચેરી, ભાવનગર, મહાનગર પાલિકા, ભાવનગર, કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર અને ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ, ભાવનગરના સંયુકત ઉપક્રમે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ.

જે અંર્તગત પર્યાવરણ જાગૃત્તિ રેલીનું આયોજન તા ૦૫/૦૬/૨૦૧૬ના રોજ સવારે ૦૮:૦૦ કલાકથી ૦૯:૦૦ કલાક દરમ્યાન મોતીબાગ ટાઉનહોલથી થયેલ. આ રેલી ટાઉનહોલથી શરૂ થઈને રૂપમ ચોક (ઘોઘા ગેટ), ગંગા દેરી, વોશીગ ઘાટ, જશોનાથ ચોકથી ટાઉનહોલ પરત ફરેલ. આ રેલીના પ્રસ્થાન સમારોહમાં માનનીય કલેકટર શ્રી બંછાનીધી પાની, શ્રી સુરેશભાઈ ધાંધલ્યા (ચેરમેન, સ્ટેન્ડીગ કમિટી, મહાનગર પાલિકા, ભાવનગર), શ્રી આર. આર. વ્યાસ ( પ્રાદેશિક અધિકારી, ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ, ભાવનગર), શ્રી વિક્રમસીહ ગોહિલ (સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ, મહાનગર પાલિકા, ભાવનગર) શ્રી પરેશભાઈ ત્રીવેદી ( પ્રમુખ, કલ્યાણ ફાઉન્ડશન ટ્રસ્ટ), શ્રી કે. સી. પાઠક (જનરલ મેનેજર, નીરમા લીમીટેડ) શ્રી શૈલેષભાઈ મહેતા ( એચ.આર. મેનેજર, મધુસીલીકા), શ્રી એસ. જે. ચંદારાણા (સીટી એન્જીનીયર, મહાનગર પાલિકા, ભાવનગર), શ્રી જે. એ. રાણા (નાયબ મ્યુનિસિપલ કમીશ્નર, મહાનગર પાલિકા, ભાવનગર ), ડૉ.ભાવેશભાઈ ભરાડ ( ચેરમેન, કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર) વગેરે મહેમાનો ઉપસ્થીત રહી રેલી પ્રસ્થાન કરાવેલ.

રેલી પૂર્ણ થયાબાદ "વન બચાવો, વન્ય સૃષ્ટિ બચાવો" વિષય પર આયોજીત પોસ્ટર ડિઝાઈન સ્પર્ધાનું મોતીબાગ ટાઉનહોલ ખાતે ઉદઘાટન કરવામાં આવેલ. આ પોસ્ટર ડિઝાઈન સ્પર્ધા કુલ ત્રણ વિભાગમાં યોજાયેલ. જેમાં પ્રથમ વિભાગમાં બાળ મંદિરથી ધોરણ–૫ ના બાળકો, બીજા વિભાગમાં ધોરણ–૬ થી ધોરણ–૧૦ ના બાળકો અને ત્રીજા વિભાગમાં ધોરણ–૧૧ કે તેનાથી મોટી ઉમરના વ્યકિતઓએ ભાગ લીધેલ. પ્રથમ વિભાગમાં પ્રથમ ક્રમે દેસાઈ માનુશી., દ્વિતીય ક્રમે અગીચા નેહા અને તૃતિય ક્રમે ભાવસાર દિત્તી જે. વિજેતા થયેલ. બીજા વિભાગમાં પ્રથમ ક્રમે જીવાણી સોહમ જે., દ્વિતીય ક્રમે ગોહિલ જયનંદિનીદેવી અને તૃતિય ક્રમે ગોહિલ મીહીર ડી. વિજેતા થયેલ. ત્રીજા વિભાગમાં પ્રથમ ક્રમે મારૂ વર્ષાબેન સી., દ્વિતીય ક્રમે વાઠેર હીમા એ. અને તૃતિય ક્રમે રાવલ હેતલ કે. વિજેતા થયેલ.

તે ઉપરાંત ભાવનગર શહેરનાં ગણમાન્ય વ્યકિતઓના હસ્તે સવારે ૦૮:૩૦ કલાકે ચકુ તલાવડી, અકવાડા ટેઈલ ટેન્ક, અકવાડા ખાતે વૃક્ષારોપણ કરવામાં આવ્યુ હતું.

તે ઉપરાંત વિશ્વ પર્યાવરણ દિવસ ની વર્ષ ૨૦૧૬ની થીમ વન અને વન્ય જીવોનો ગેર કાયદેસર વ્યાપાર માટે શુન્ય સહિષ્ણુતા પર નિબંધ સ્પર્ધાનું આયોજન થયેલે. જેમાં પ્રથમ ક્રમે વાઘ.લા વૈશાલી કે., દ્વિતીય ક્રમે બાંભણીયા દિલીપ આર. અને તૃતિય ક્રમે મોહનાણી નીલા કે. વિજેતા થયેલ.

ઉપરોકત વિવિધ કાર્યક્રમોમાં કુલ મળીને ૪૦૦થી વધારે પર્યાવરણ પ્રેમી જનતાઓએ ભાગ લીધેલ.

(હર્ષદ જોષી)
ઓફિસ ઈન્ચાર્જ,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર.